# <u>જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર</u>

<u>પ્રથમ વર્ષ આર્ટસ **(B.A. Sem-I)** ગ્રાન્ટેબલ વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી</u>

જુન–૨૦૨૦ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે **<u>B.A. Sem-I</u>** માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | તા.૧૮/૦૬/૨૦૨૦ થી તા.૦૬/૦૭ /૨૦૨૦ |

તમારું પ્રવેશ ફોર્મ કામચલાઉ ધોરણે સ્વીકારવામાં આવે છે. તા.૦૬/૦૭/૨૦૨૦ સુધી તમારે Pay Fees પર કિલક કરી તમારી Details એન્ટર કરી પ્રવેશ ફોર્મ ફી ૧૦૦/– ભરવાની રહેશે. ત્યારબાદ જ પ્રવેશ ફોર્મ કાયમી ધોરણે સ્વીકારાશે અન્યથા તમારું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ ગણાશે.

૧. વિધાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.gdmarts.org પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈ થી ભરવી. ફોર્મમાં વિષય પસંદગી ચોકસાઈથી કરવી.

૩. મેરીટ માટે કુલ ૭૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ– ૭૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. કોમ્પ્યુટર પ્રેકટીકલના માર્કસ મેરીટ ગુણમાં ગણવા નહી. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.

૪. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૫. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૬. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિધાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે. મેરીટ યાદી તથા પ્રવેશ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૭. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિધાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ પર રીપોટીંગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.

   ૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની માર્કસીટની પ્રમાણિત નકલ.
   ૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો.

૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૪. પછાતવર્ગના વિધાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૫. બક્ષીપંચના વિધાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
૬. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
૮. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
૯. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
૧૦. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.

૮. રીપોર્ટીગ વખતે ઉપરના તમામ અસલ ડોકયુમેન્ટ વેરીફાય કરવામાં આવશે તે યોગ્ય જણાશે તો જ પ્રવેશ માન્ય ગણાશે. આમ ફી ભર્યા બાદ રીપોર્ટીંગ કરાવવું ફરજીયાત રહેશે. રીપોર્ટીગ વખતે દરેક વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.
(રીપોર્ટીગ કયારે કરવું તે અંગે ની જાણ કોલેજ વેબસાઈડ પર અથવા SMS દ્વારા કરાશે જે અંગે ની અચૂક નોંધ લેવી.)

૯. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૦ પહેલાં પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૦. અનામત બેઠકોની ફાળવણીઃ– કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

| | |
|---|---|
| ૧. અનુસુચિત જાતિ માટે– ૭% | ૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫% |
| ૩. બક્ષીપંચ માટે– ૨૭% | ૪. આર્થિક પછાત માટે– ૧૦% |
| ૫. શારીરીક વિકલાંગ માટે– ૩% | ૬.સાયન્સ પ્રવાહ– ૨.૫% |
| ૭. કોમર્સ પ્રવાહ– ૨.૫% | ૮.પોસ્ટ બેસીક– ૨% |
| ૯. અન્ય બોર્ડ– ૨% | |

૧૧. ફી ના ધોરણો :– હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. વિધાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૧૨. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૧૩. ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિધાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૧૪. પ્રવેશ મેળવનાર વિધાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૫. પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિધાર્થીનું પ્રવેશ ફોર્મ રદ ગણાશે અને તેનો પ્રવેશ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૧૬. પ્રવેશફોર્મ ભરતી વખતે વિષય અવશ્ય ચેક કરવા.

| **SR. NO** | **B.A.SEM-I&II** | **B.A.SEM-III & IV** | **B.A.SEM-V & VI** |
|---|---|---|---|
| 1 | **MAIN SUB** ENGLISH<br>GUJARATI<br>ECONOMICS<br>SANSKRIT<br>**1ST Subsidiary Sub.**<br>HINDI<br>HISTORY<br>PHILOSOPHY<br>POLITICAL SCI.<br>**2ND Subsidiary Sub.**<br>HINDI<br>HISTORY<br>PHILOSOPHY<br>POLITICAL SCI. | **MAIN SUB** ENGLISH<br>GUJARATI<br>ECONOMICS<br>SANSKRIT<br>**1ST Subsidiary Sub.**<br>HINDI<br>HISTORY<br>PHILOSOPHY<br>POLITICAL SCI. | **MAIN SUB** ENGLISH<br>GUJARATI<br>ECONOMICS<br>SANSKRIT |

૧૭. પ્રથમવર્ષ (B.A. Sem.I & II) માં મુખ્ય વિષયમાં દર્શાવેલ ચાર વિષયો પૈકી કોઈપણ એક વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. દ્વિતીય વર્ષ (B.A. Sem.III & IV) માં **2ND Subsidary Sub.** વિષય આપોઆપ નીકળી જશે અને પ્રથમ બે વિષયોનો અભ્યાસ કરવાનો રહેશે. ત્રીજા વર્ષ (B.A. Sem.V & VI) માં મુખ્ય વિષય તરીકે B.A. Sem.I માં રાખેલ પ્રથમ વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. પ્રથમ વર્ષમાં વિષય સીલેકશન કર્યા બાદ તૃતીય વર્ષ સુધી તેમાં ફેરફાર થઈ શકશે નહી, જેથી વિષય સીલેકશન કરવામાં ચોકસાઈ આવશ્યક છે.

૧૮. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવસિર્ટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૧૯. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૨૦. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૦૧:૦૦ કલાકનો રહેશે.

૨૧. પ્રવેશની કામગીરી યુનીવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

## B.A.SEM- 1 New Admission Schedule for

## Academic Year 2020-21

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૧૩/૭/૨૦૨૦ |
| ૨ | કોલેજમાં કે ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | ૨૦/૭/૨૦૨૦ |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૨૩ /૭/૨૦૨૦ |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | ૨૭/૭/૨૦૨૦ |

**નોંધઃ રીપોર્ટીગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.**

તા. ૧૮/૦૬/૨૦૨૦

આચાર્ય
ડૉ. એસ.જી.ચૌહાણ